જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦        ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૯/૨૦૧૪ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-**  **સમાચાર યાદી નં.૨૩૦૧/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૫ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી, ૫૯ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધાર હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિઓને ઝડપી કુલ રૂપિયા ૪૩૦/- નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-**  **સમાચાર યાદી નં.૨૩૦૨/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનઃ-**  **સમાચાર યાદી નં.૨૩૦૩/૧૪**

**ચાંદખેડા :** ગાયત્રીબેન સુરેશભાઇ પાટીલ (રહે.શાલીગ્રામ બંગ્લોઝ, આશારામ આશ્રમ ચાર રસ્તા પાસે, મોટેરા, ચાંદખેડા) એ અપોલો હોસ્પીટલ ખાતે ચાંદખેડા પોલીસ સમક્ષ ફરીયાદ નોંધાવી છે કે તા.૯/૯/૧૪ રાતનાં ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરનાં ધાબા ઉપર ભાઇ શિવમ તથા બહેન હીનાબેન સુરેશભાઇ પાટીલ (ઉ.વ.૨૨) સાથે સુતા હતા દરમ્યાન આરોપી ભરત ઉર્ફે જસ્ટીન પરમાર(જેના બાપના નામની ખબર નથી)(રહે.જવાહર પોલીસ ચોકી સાબરમતી પાસેની કોઇ બીલ્ડીંગમાં) હિનાબહેનને એક તરફી પ્રેમ કરતો હોઇ, હિનાબહેને પ્રેમ સબંધ રાખવાની ના પાડેલ હોઇ જેથી ઉશ્કેરાઇ જઇ ગાયત્રીબહેનનાં ઘરનાં ધાબા ઉપર આવી જઇ ગાયત્રીબહેન અને શિવમને ચાકુથી જીવલેણ ઇજાઓ કરી તેમજ હીનાબેનને શરીરે ચાકુથી ગંભીર ઇજાઓ કરી હિનાબહેનનું મોત નીપજાવી નાસી ગયો છે. આ ગુનાની તપાસ મદદનીશ પો.કમિ.શ્રી ‘એલ’ ડીવીઝન ચલાવે છે.

**અપહરણઃ-**  **સમાચાર યાદી નં.૨૩૦૪/૧૪**

**મણીનગર :** નયનાબહેન અરવિંદભાઇ ચાવડા (રહે.ચાવીની ચાલી, લાલભાઇ સેન્ટર, ભાઇપુરા, ખોખરા) એ તા.૯/૯/૧૪ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૬/૯/૧૪ રાતનાં ૮/૩૦ વાગ્યાના સુમારે મણીનગર સ્વામીનારાયણ મંદિર સામેથી આરોપી (૧) હરીશ ઉર્ફે હરીયો કરમણભાઇ ભરવાડ (રહે.બારેરા, તા.કઠલાલ, જી.ખેડા) (૨) રાધાબહેન અને બીજા અજાણ્યા ઇસમો ભેગામળી પોતાની પુત્રી જાગૃતી (ઉ.વ.૨૦) નું અપહરણ કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ મ.પો.કમિ.શ્રી. “જે” ડીવીઝન ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૩૦૫/૧૪**

**મણીનગર :** તેજસભાઇ કિરીટભાઇ શાહ (રહે,મંગલેશ્વર સોસાયટી, જયમાલા ચાર રસ્તા, ઘોડાસર) તા.૯/૯/૧૪ બપોરનાં ૧૨/૪૫ વાગ્યાના સુમારે ઝઘડીયાબ્રીજના નાકે આવેલ કેનારા બેંકમાંથી ઉપાડેલ રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- તથા સ્ટીલના ડબો, ચાવી, જુડો, પાસબુક મુકેલ કાળા રંગની બેગની બે અજાણી સ્ત્રીઓએ એકબીજાની મદદગારીથી નજર ચુકવી તેજસભાઇની મોટર સાયકલનાં હુકમાં ભરાવેલ બેગની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની ફરીયાદ તેજસભાઇએ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.ખાંટ ચલાવે છે.

**સેટેલાઇટ :** વિમળાબહેન શંકરલાલ સોમપુરા (ઉ.વ.૭૦)(રહે, જનક સોસાયટી, નવરંગ સ્કુલ સામે, નારણપુરા) તા.૫/૯/૧૪ સવારનાં ૮/૦૦ વાગ્યાના સુમારે ઇસ્કોન બિગ બજાર પાસેથી ફોરવ્હીલ ગાડીનં. જીજે.૧.કે. ૭૩૮૬ માં બેસી બાવળા જતાં હતા દરમ્યાન આરોપી ફોરવ્હીલ ગાડીનાં ચાલક અને કંડકટરે ભેગામળી વિમળાબહેનની નજરચુક્વી તેમના થેલામાંથી સોનાની લગડી નંગ-૧૧ કિંમત રૂપિયા ૩,૬૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૭૫૦૦/- મળી કુલ રૂપિયા ૩,૬૭,૫૦૦/- મતાની ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ વિમળાબહેન સોમપુરાએ તા.૯/૯/૧૪ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ભગવાનભાઇ મોતીભાઇ ચલાવે છે.

**ગુમ થવા બાબતઃ** **સમાચાર યાદી નં.૨૩૦૬/૧૪**

| | |
|---|---|
| **દાણીલીમડાઃ** ઇશ્વરભાઇ છગલાજી રેંગર (ઉ.વ.૨૧)(રહે.મોચીવાડ, ખોડીયારનગર, બહેરામપુરા, દાણીલીમડા) તા.૩/૯/૧૪ નાં કલાક ૦૦/૩૦ વાગ્યાના સુમારેથી ગુમ છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. શર્ટ તથા પેન્ટ પહેર્યા છે. જમણી આંખની ભ્રમર ઉપર જુનુ વાગેલાનુ નિશાન છે. ઉંચાઈ ૫ ફુટ ૧ ઇંચ છે.(દાણીલીમડા પો.સ્ટે.નંબર ૨૫૩૨૦૧૫૩) |  |
| **ઓઢવ :** અમિતકુમાર મહેશસિંહ રાજપુત (ઉ.વ.૩૧)(રહે.બાલાશ્રી પ્રાઇડ, શ્યામવેદ રેસીડેન્સી પાછળ, ઓઢવ) તા.૪/૫/૧૪ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે અસ્થીર મગજનાં કારણે ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. કાળા રંગનું શર્ટ અને નેવી બ્લ્યુ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૬ ફુટ છે.(ઓઢવ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૭૧૦૯૧) |  |
| **કાગડાપીઠ :** અમરસીભાઇ મેઘજીભાઇ વાઘેલા (ઉ.વ.૫૫)(રહે.ભારતનગર ચૌર્યાસીની ચાલી, ગીતા મંદીર રોડ) તા.૨૮/૮/૧૪ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે ઘરેથી ક્યાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. આસમાની રંગનું શર્ટ અને ડાર્ક ગ્રે પેન્ટ પહેર્યુ છે. માથામાં ટાલ છે. ઉંચાઇ ૫ ફુટ ૫ ઇંચ છે.(કાગડાપીઠ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૪૬૬૩૧૦) |  |

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.